ફાઈલ તારીખ: ૨૧/૦૧/૨૦૨૫
દાખલ તારીખ: ૨૧/૦૧/૨૦૨૫
ફેંસલ તારીખ: ૧૦/૦૪/૨૦૨૬
અવધિ: વર્ષ માસ દિવસ

## સુરતના મહેરબાન છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, સુરત.

**ફોર્મ- "એ"**

**આંક-**

| | |
|---|---|
| **ચુકાદા તારીખ: ૧૦/૦૪/૨૦૨૬**<br>**પોકસો કેસ નં. ૨૫/૨૦૨૫**<br>**(ડીંડોલી પોલીસ સ્ટેશન એ.ગુ.ર.નં. ૧૧૨૧૦૦૫૬૨૪૨૫૧૩/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૪ (૨) (એમ), ૬૪(૨)(એફ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોના રક્ષણ અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(એન), ૬,૧૨ મુજબ.)** | |
| **ફરીયાદ પક્ષ** | **શ્રી સરકાર.**<br>મુળ ફરીયાદી:-ભોગબનનારની માતા ઉ.વ.૩૬, ધંધો-ઘરકામ, રહે- સુરત શહેર. |
| **વિ. એ.પી.પી.શ્રી.** | **શ્રી વિ. એલ. ફળદુ** |
| **આરોપી** | **અર્જુન સંતોષ સુખલાલ આહિરે**<br>ઉ.આ.વ.૨૧,ધંધો-લેબ ટેકનીશીયન રહે:-ઘર નં.૩૦૨, શુભલક્ષ્મી રેસીડેન્સી, જી. નાઈન પાસે, રાધિકા હોમ્સ પાસે, ડીંડોલી સુરત. |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **શ્રી ડી. આર. રાણા** |

## **ફોર્મ– “બી"**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૪ ના ક.૦૮/૧૫ વાગ્યાના અરસામાં |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪/૧૧/૨૦૨૪ ના ક.૨૧–૩૦ વાગે |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૧/૦૧/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૦/૦૩/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૧/૦૬/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | –– |

## **આરોપીની વિગત**

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા. સં કલમ – ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અર્જુન સંતોષ સુખલાલ આહિરે** | ૧૨/૧૨/૨૦૨૪ | ૧૬/૦૭/૨૦૨૫ | ભા. ન્યાય. સં. ૨૦૨૩ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૪(૨)(એમ), ૬૪(૨)(એફ) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(એન) ૬, ૧૨ મુજબ. | નિર્દોષ | –– | –– |

**મુદ્દામાલની વિગતઃ–**
**મુદ્દામાલ પાવતી નં. ૦૦/૨૪ તા.૧૩.૧૨.૨૦૨૪**

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | આંક | રજુ કરનાર |
|---|---|---|---|
| ૦૧ | ભોગબનનારના કપડાઃ–<br>(૧) એક મરૂન કલરનું ટોપ જેના ઉપર S gufrina નો લોગો છે જેને માર્ક એ આપેલ છે તે કિમત રૂ.૦૦/૦૦.<br>(૨)એક લાલ કલરની લેગીઝ જેના કમરના ભાગે GM CLORINA નો લોગો છે જેને માર્ક એ–૧ આપેલ છે તે કિમત રૂ.૦૦/૦૦.<br>(૩)એક કથ્થઇ કલરની બ્રા જેના ઉપર Fnvie નો લોગો છે તે જેના માર્ક એ–૨ આપેલ છે તે કિમત રૂ.૦૦/૦૦.<br>(૪) એક કથ્થઈ કલરની ડિઝાઈન વાળી નિકર છે તે જેને માર્ક એ–૩ આપેલ છે તે કિમત રૂ.૦૦/૦૦. | ૪૫ થી ૪૮ | સાહેદ નં. ૯ |
| ૦૨ | આરોપીના કપડાઃ–<br>(૫) એક મેલા જેવુ સફેદ કલરનું જીન્સ પેન્ટ, પેન્ટના કમરના ભાગે FOUR STAR CASUAL WEAR નો લોગો લગાડેલ છે જેને માર્ક બી આપેલ છે તે કિમત રૂ.૦૦/૦૦.<br>(૬) એક કાળા રંગનો કાળી સાડી લાઇનીંગ વાળો આખી બાયનો શર્ટ જેના કોલરના અંદર ના ભાગે IMAGING SHIRTS નો લોગો લાગેલ છે જેને માર્ક બી–૧ આપેલ છે તે કિમત રૂ. ૦૦/૦૦.<br>(૭) એક ડાર્ક કથ્થઈ કલરનો અંડરવિયર જેના કમરના ભાગે RUPA JON નો લોગો છે તેને માર્ક બી–૨ આપેલ છે તે કિમત રૂ.૦૦/૦૦. | ૪૯ થી ૫૧ | સાહેદ નં.૯ |

## (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–

| અનુ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગબનનારની માતા | ફરીયાદી | ૧૩ |
| ૨ | ભોગબનનાર | સાહેદ | ૨૧ |
| ૩ | ભોગબનનારના પિતા | સાહેદ | ૨૪ |
| ૪ | ડો. હિમાંશી અગ્રવાલ | તબીબ સાહેદ | ૨૫ |
| ૫ | ડો. સની નારણભાઇ ધારીયા | તબીબ સાહેદ | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ડો. રૂચિ રોની હોવી | તબીબ સાહેદ | ૩૧ |
| ૭ | કલ્પેશભાઈ કાંતિલાલ મોઢ | સાહેદ/ એફ. એસ.એલ. | ૩૬ |
| ૮ | સુરેશભાઈ જયરામભાઈ પવાર | પી.એસ.ઓ. | ૩૯ |
| ૯ | નિલેશકુમાર છોટુભાઈ પટેલ | ત.ક.અમલદાર | ૪૨ |
| ૧૦ | મુકેશભાઈ કિકલાભાઈ | પોલીસ સાહેદ | ૫૨ |

## (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

## (સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,

| અનુક્રમ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| Nil | | | |

## <u>ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક | સાબિત/રજુ કરનાર |
|---|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૪ | સાહેદ નં. ૧,૮ |
| ૨ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ –૧૮૩ મુજબનું નિવેદન | ૨૨ | સાહેદ નં.૨ |
| ૩ | ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૨૩ | સાહેદ નં. ૨,૮,૯ |
| ૪ | ભોગબનનારની મેડીકલ તપાસ કરવા પોલીસ યાદી | ૨૬ | સાહેદ નં. ૪ |
| ૫ | ભોગબનનારનું મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ | ૨૭ | સાહેદ નં. ૪ |
| ૬ | ભોગબનનારની મેડીકલ તપાસ કરવા પોલીસ યાદી | ૨૯ | સાહેદ નં.૫ |
| ૭ | ભોગબનનારના મેડીકલ કેસ પેપર્સ તથા માનસિક તપાસના પેપર્સ | ૩૦ | સાહેદ નં.૫ |
| ૮ | આરોપીની શારિરીક તપાસ કરવા પોલીસ | ૩૨ | સાહેદ નં. ૬ |

| | | | |
|---|---|---|---|
| | યાદી | | |
| ૯ | આરોપીના મેડીકલ કેસ પેપર્સ | ૩૩,૩૪ | સાહેદ નં. ૬,૯ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૫૩ | કબુલાતથી સાહેદ નં.૯ |
| ૧૧ | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૫૪ | કબુલાતથી સાહેદ નં.૯ |
| ૧૨ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૫ | કબુલાતથી સાહેદ નં.૯ |
| ૧૩ | એફ.એસ.એલ. વિભાગને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૩૭ | સાહેદ નં.૭ |
| ૧૪ | ફોરવર્ડીંગ પત્ર સાથે બાયોલોજીકલ તથા સીરોલોજીકલ અહેવાલ | ૩૮ | સાહેદ નં.૭ |
| ૧૫ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૪૦ | સાહેદ નં. ૮ |
| ૧૬ | રવાનગી નોંધ | ૪૩ | સાહેદ નં.૯ |
| ૧૭ | કલમ ઉમેરા અંગેનો રીપોર્ટ | ૪૪ | સાહેદ નં.૯ |
| ૧૮ | મુ.મા.આ.નં. ૧ થી ૭ માંથી નીકળેલ પંચ સ્લીપો | ૪૫ થી ૫૧ | સાહેદ નં.૯ |

## – ચુકાદો –

૧. નામ. સુપ્રિમ કોર્ટના નિપુન સકસેના વિરૂધ્ધ ભારત સરકાર (૨૦૧૯) ૨ એસ.સીસી. ૭૦૩ પર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસોમાં ભોગબનનારની ઓળખ છતી ન થાય તે હેતુથી ભોગબનનાર, ભોગબનનારના માતા પિતાનું નામ લખેલ નથી પરંતુ તેઓનું ભોગબનનાર સાથે સબંધ દર્શાવેલ છે.

૨. સદર કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૪(૨)(એમ), ૬૪(૨)(એફ) તથા ધી પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(એન), ૬, ૧૨ મુજબના શિક્ષા પાત્ર ગુનાનો આક્ષેપ છે.

૩. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપી અર્જુન સંતોષ સુખલાલ આહિરે નાઓ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર ઉ.વ.૧૭ વર્ષ ૨૯ દિસની સગીર વયની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી સીંકદરાબાદ ખાતે લઈ ગયેલ અને ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર નવાર શારિરીક સબંધ બાંધી, બળાત્કાર કરેલ હોવા અંગેની હાલની ફરીયાદ આપેલ.

૪. ફરીયાદીની ઉપરોકત ફરીયાદ આપ્યા બાદ ડીંડોલી પો.સ્ટે.ના જવાબદાર અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી આગળની તપાસ, તપાસ કરનાર અમલદારને સુપરત કરેલ અને તેઓની તપાસ દરમ્યાન ભોગબનનાર તથા સાહેદોના નિવેદનો નોંધેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, આરોપી તથા ભોગબનનારના કપડા પંચનામાંની વિગતે કબજે કરી, તેમજ આરોપીને અટક કરી, તપાસના અંતે તેઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરેલ. આરોપી સામે ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ થયા બાદ તેને પોકસો કેસ નં. ૨૫/૨૦૨૫થી નોંધી, આગળની ન્યાયિક કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ. જેથી આ અદાલતે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપી જે તે વખતે નામ. કોર્ટની જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને જેલ તરફથી જરૂરી જાપ્તા સાથે હાજર રખાવતા તેઓ હાજર થયેલ. ત્યારબાદ તેઓને બી.એન.એસ.એસ. ની કલમ-૨૩૦ ની જોગવાઈઓ મુજબ કાગળોની નકલો આપ્યા બાદ ફરીયાદપક્ષનો બી.એન.એસ.એસ.ની કલમ-૨૪૯ અન્વયેનો પ્રાથમિક નિવેદન તથા તહોમતનામાં અન્વયે બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ મારા પુરોગામીશ્રી દ્વારા આરોપી સામે આક્ષેપિત ગુનાનું આંક-૬ થી તહોમતનામું ફરમાવી તે સંબધેનો આરોપીનો જવાબ નોંધતા, આરોપીએ ઈન્કાર કરતા આરોપીની આંક-૭થી પ્લી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

૫. ત્યારબાદ ફરીયાદપક્ષે ઉપરોકત ફોર્મ સી માં જણાવ્યા પ્રમાણે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આપેલ છે. ત્યારબાદ વધુ પુરાવો આપવો ન હોય આંક–૫૫ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષે આપેલ પુરાવા પરથી બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ ની જોગવાઈ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદપક્ષનો તમામ પુરાવો ખોટો હોવાનું જણાવેલ છે. આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી. બચાવમાં સાહેદો તપાસેલ નથી. તેમજ વિશેષમાં એવુ જણાવેલ છે કે, " તેઓ તદ્દન નિર્દોષ છે. તેઓ ઉપર ખોટી બનાવટી ફરીયાદ કરી ખોટી રીતે ચાર્જશીટ કરી, ખોટા ગુનામાં ગંભીર કલમો લગાવીને ખોટો કેસ ઉભો કરેલ છે. તેઓ આરોપીને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે."

૬. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વિ.એલ. ફળદુ નાઓએ ફરીયાદપક્ષે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ એવી દલીલ કરેલ છે કે, સદર કામે ફરીયાદપક્ષે ભોગબનનાર, ભોગબનનારની માતા, ભોગબનનારના પિતાને તપાસેલ છે. તેઓ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેમજ પોલીસ સાહેદોએ પુરાવામાં ફરીયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન આપેલ છે. વળી, ભોગબનનાર ની ઉમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની હતી તે માટે ફરીયાદપક્ષે આંક–૨૩થી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. જે ધ્યાને લેતા ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતાં નાની હતી તેવી હકીકત સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ છે. વળી, બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૮ વર્ષ કરતા વધુ હોય તેવો કોઇ કથન પુરાવો કે હકીકત બચાવપક્ષે રેકર્ડ પર આવેલ નથી. તેવા સંજોગોમાં બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હતા તે હકીકત શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત થાય છે. તેમજ ઉપરોકત સાહેદોના પુરાવા પરથી આરોપીની ઓળખ અંગે કોઇ તકરાર રહેતી નથી. તેમજ બનાવ સમયે આરોપીએ ભોગબનનાર બાળાને લગ્ન કરવાની લાલચ આપી તેણીની પોતાની સાથે અલગ અલગ જગ્યાએ

લઈ જઈ, તેણીની સાથે દુષ્કર્મ આચરેલ હોવાની હકીકતોને શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા વિનંતિ કરેલ છે.

૭. ત્યારબાદ સદર કામે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, સદર કામે તપાસવામાં આવેલ મહત્વના સાહેદો એવા ભોગબનનાર, ભોગબનનારના પિતાએ પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને વિમુખ થયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે. જેથી સદર પુરાવા પરથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ કડી પ્રકાશિત થતી નથી. સદર કામે તપાસવામાં આવેલ ભોગબનનારના માતા આ કામના ફરીયાદીના પુરાવાને જયારે મહત્વના સાહેદો દ્વારા સમર્થન આપવામાં આવેલ ન હોય ત્યારે માત્ર તેઓના પુરાવા પર આધાર રાખી શકાય નહીં. વધુમાં સદર કામે તપાસવામાં આવેલ મેડીકલ પુરાવાથી પણ આરોપીએ ભોગબનનાર સાથે કોઇ દુષ્કર્મ આચરેલ હોય તેવી કોઇ હકીકત શંકાથી પર રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં સદર કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસના રસ ધરાવતા સાહેદો કહેવાય સદર સાહેદોના પુરાવાને જયારે આ કામે તપાસવામાં આવેલ મહત્વના સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ ન હોય ત્યારે સદર સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ઉપરોકત તમામ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી મહત્વની કોઇ હકીકત પુરવાર થયેલ ન હોય ત્યારે આરોપીને સદર કામે પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૮. ઉપરોકત હકીકતો પરથી આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ—**

૧. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે,

બનાવ સમયે ભોગબનનાર સગીર વયની, એટલે કે ૧૮ વર્ષ કરતા નાની હતી?

૨. શું ફરીયાદપક્ષ શંકાથી પર અને કડીબધ્ધ રીતે સાબિત કરે છે કે, આ કામના આરોપી અર્જુન સંતોષ સુખલાલ આહિરે નાઓ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર ઉ.વ.૧૭ વર્ષ ૨૯ દિસ ની સગીર વયની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી સીંકદરાબાદ ખાતે લઈ ગયેલ અને ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર નવાર શારિરીક સબંધ બાંધી, બળાત્કાર કરી, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૪(૨)(એમ), ૬૪(૨)(એફ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ - ૨૦૧૨ ની કલમ- ૩(એ), ૪, ૫(એલ), ૫ (એન), ૬,૧૨ અન્વયે સજાનેપાત્ર ગુનો આચરેલ છે?

૩. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

**તારણોઃ-**

૧. હકારમાં

૨. નકારમાં

૩. છેવટના હુકમ મુજબ

૧૦. ઉપરોકત તારણોના મારા કારણો નીચે મુજબ છે.

**<u>ફરીયાદપક્ષના પુરાવાઓનું વર્ણનઃ-</u>**

સદર કામે આરોપી સામે ઉપરોકત મુદ્દાઓની ચર્ચા કરતા પુર્વે ફરીયાદપક્ષે આપેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. જે નીચે મુજબ છે.

**<u>ફરીયાદીનો પુરાવોઃ-</u>**

૧. ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક-૧૩થી ભોગબનનારની માતા/ ફરીયાદીનો નાઓને તપાસેલા છે. બનાવ અંગે તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ મુખ્યત્વે એવુ જણાવે છે કે, તેણીને કુલ ત્રણ સંતાન છે. જે

પૈકી ભોગબનનાર સૌથી મોટી પુત્રી છે અને તેનો જન્મ ઔરગાંબાદ, મહારાષ્ટ્ર ખાતે થયેલ. તેણીની ભોગબનનારની જન્મ તા.૧૩/૧૧/૨૦૦૭ છે. તેણીની ભોગબનનાર દીકરીને તેઓના એરીયામાં સુરત ખાતે આવેલ સ્કુલમાં ધોરણ-૧ માં અભ્યાસ માટે દાખલ કરેલ અને ધોરણ આઠ સુધી ત્યાં અભ્યાસ કરેલ અને ત્યારબાદ તેની ધોરણ દસ સુધી સુરત ખાતે અભ્યાસ કરેલ. તેણીને નિ.૦૪/૦૨ થી રજુ જન્મના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, તે તેણીની ભોગબનનાર દીકરીનું જન્મનું પ્રમાણપત્ર છે. જે ઓળખી બતાવે છે. તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ તેણી પોતાના ઘરે કામ કરતી હતી અને તે સમયે તેણીની ભોગબનનાર દીકરી તેણી પાસે આવેલ અને કહેલ કે, હું કામ પર જાઉ છુ તેમ કહી ઘરેથી નીકળી ગયેલી અને ત્યારબાદ તેણી ઘરકામ કરવા લાગેલ. ત્યારબાદ તેણી પોતાની ભોગબનનાર દીકરીને બપોરે રોજ ફોન કરતી હતી અને તે દીવસે આશરે સાડા બાર વાગ્યાની આસપાસ ફોન કરેલ અને કહેલું કે, શું કરે છે ત્યારે તેને તેણીને જણાવેલ કે, હું કામ પર છુ તેવું જણાવેલ અને ફોન કટ કરેલ અને ફરી તેણીએ બપોરના સમયે તેમજ સાંજના સમયે ફોન કરેલ પરંતુ તેણીની ભોગબનનાર દીકરીનો મોબાઇલ બંધ આવતો હતો અને તેણીની ભોગબનનાર દીકરી સાંજના છ થી સાત વાગ્યાના અરસામાં ઘરે આવી જતી હતી પરંતુ તે દીવસે તે ઘરે આવેલી નહી જેથી તેણીએ તેણીના પતિને આ અંગે ફોન કરીને હકીકત જણાવેલી અને થોડીવાર બાદ તેણીના પતિ ઘરે આવેલા અને તેણીની ભોગબનનાર દીકરીને અલગ અલગ વિસ્તારમાં તેમજ તેઓના વતન ખાતે તપાસ કરેલી પરંતુ તે મળી આવેલ નહી જેથી આ અંગેની ફરીયાદ તેઓએ ડીંડોલી પોસ્ટેમાં તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ ફરીયાદ આપેલી. તેણીને આંક-૧૪થી રજુ ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેણીના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે. ત્યારબાદ તેણીની ભોગબનનાર દીકરીને તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ પોલીસ વાળા સુરત ખાતે લાવેલા અને તેણીની ભોગબનનાર દીકરીએ તેણીને જણાવેલ કે, અર્જુન સુરત થી હૈદ્રાબાદ લઇને ગયેલ અને ત્યાં રુમ રાખીને તેઓ રહેતા હતા અને તેઓ

ત્યાં ફેક્ટરીમાં નોકરી પર લાગી ગયેલા અને અર્જુન રાત્રીના સમયે રુમ પર આવતા હતા અને તેણીની સાથે શરીર સબંધ બાંધતો હતો અને ત્યાંથી પોલીસ તેઓને સુરત ખાતે લાવેલ અને સુરત ખાતે તેણીની ભોગબનનાર દીકરીને મેડીકલ કરાવવા માટે હોસ્પીટલમાં લઇ ગયેલા ત્યાં હાજર ડોક્ટરે તેણીની ભોગબનનાર દીકરીનું મેડીકલ ચેકઅપ કરેલ. ત્યારબાદ તેઓ પોસ્ટે આવેલા અને તેણીની ભોગબનનાર દીકરીએ કપડા રજુ કરેલા અને પોલીસે તે અંગેનું પંચનામું કરેલું. તેણીની ભોગબનનાર દીકરીના એક મરુન કલરનું ટોપ અને એક લાલ કલરની લેગીંજ તથા એક કથ્થઇ કલરની બ્રા તથા કથ્થઇ કલરની નીકર રજુ કરેલા. તેણીની ભોગબનનાર દીકરીએ પોસ્ટેમાં જે કપડા રજુ કરેલા તે તેણીને બતાવામાં આવે તે તેણી ઓળખી શકે. તેણીને મુ.આ.નં. ૧ થી ૪ બતાવવામાં આવતા જે તેણીની ભોગબનનાર દીકરીના છે, ઓળખી બતાવે છે. તેણીની ભોગબનનાર દીકરીને જે વ્યક્તિ લઇને ગયેલ તેનું પુરુ નામ અર્જુન સંતોષ આહીર છે, જે નામદાર કોર્ટમાં હાજર છે, સાહેદ ઓળખી બતાવે છે.

જયારે બચાવપક્ષે સદર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેણી અભણ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને ગુજરાતી, હીન્દી, અંગ્રેજી લખતા વાંચતા આવડતુ નથી, તેણીને અંકો ઝડપથી યાદ રહેતા નથી, તેણી લગ્ન કર્યા બાદ સુરત ખાતે આવી ગયેલ, તેણીનું પિચર ઔરંગાબાદ છે અને તેણીની સાસરી શીરપુર મહારાષ્ટ્ર છે. તેણીને ભોગબનનાર સિવાય અન્ય બે નાના બાળકો છે. તેણીને તે બંનેની જન્મતારીખ યાદ છે. તેણીની દીકરી કે જે ભોગબનનાર કરતા નાની છે, તેની જન્મ તારીખ ૦૭/૦૮/૨૦૦૯ છે અને દીકરાની જન્મ તા.૧૪/૦૧/૨૦૧૨ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વર્ષ–૨૦૦૬ માં તેણી અને તેણીના પતિ સુરત મુકામે રહેતા હતા, ભોગબનનારનું જન્મ દાખલો ઔરંગાબાદનો છે, વર્ષ–૨૦૦૯ માં તેણીએ પોતાના પિચરપક્ષમાં ભાઇને જન્મ દાખલ બનાવવાનું કહેલું જેથી તેને ઔરંગાબાદ મુકામે આ જન્મ દાખલો બનાવેલ, આ દાખલમાં લખેલ વિગતોમાં શું લખેલ છે

તેની તેણીને જાણકારી નથી. એ વાત કબુલે છે કે, તેણી ભોગબનનારને આ અંગે ખીજાયેલ હતી, તેઓ ફરીયાદ કરી તે પુર્વે ભોગબનનારના લગ્ન માટે છોકરા જોતા હતા, જ્યારે મીસીંગ ફરીયાદ લખાવેલી તેમાં આરોપી અર્જુન પર શંકા ઉપજે તે પોલીસને જણાવેલ ન હતુ, તે સમયે શંકા હતી કે, ભોગબનનાર તેઓના ગામ ગયેલી હશે, ભોગબનનાર ઘરેથી ચાલી ગયેલ હતી તે દીવસથી લઈ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન તેની પાસે મોબાઈલ ફોન હતો, આ સમયગાળા દરમ્યાન ભોગબનનારે તેણીને કે તેણીના પરિવારમાં કોઈને ફોન કરવાની કોશીષ કરેલી નહી, તેણીની ભોગબનનાર દીકરીને જ્યારે પોસ્ટે લાવ્યા બાદ પોલીસ મારફતે તેણીને ખબર પડેલી કે, ફરીયાદ વાળો બનાવ બનેલ છે, ત્યારબાદ પોલીસે તેણીની તથા તેણીના પતિ અને ભોગબનનારની પુછપરછ કરેલી, ત્યારબાદ પોલીસે તેમના હીસાબે પોલીસ ફરીયાદ અને નિવેદન તૈયાર કરેલ અને તેણીને તે ફરીયાદ પર અંગુઠાનું નિશાન મારવાનું જણાવેલ, ભોગબનનારને કોણ ક્યાંથી લાવેલ તેની તેણીને ખબર નથી, તેણીની સરતપાસમાં "અર્જુન સુરત થી હૈદ્રાબાદ લઈને ગયેલ અને ત્યાં રુમ રાખીને તેઓ રહેતા હતા અને તેઓ ત્યાં ફેક્ટરીમાં નોકરી પર લાગી ગયેલા અને અર્જુન રાત્રીના સમયે રુમ પર આવતો હતો અને ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધતો હતો અને ત્યાંથી પોલીસ તેઓને સુરત ખાતે લાવેલ અને સુરત ખાતે તેણીની ભોગબનનાર દીકરીને મેડીકલ કરાવવા માટે હોસ્પીટલમાં લઈ ગયેલા ત્યાં હાજર ડોક્ટરે તેણીની ભોગબનનાર દીકરીનું મેડીકલ ચેકઅપ કરેલ" તે મારી પોલીસ રુબરુની ફરીયાદમાં કે વિશેષ નિવેદનમાં લખાવેલ નથી, ત્યારબાદ પોલીસવાળાએ એક જોડી કપડા લાવવા માટે જાણ કરેલી અને તેણીએ એક જોડી કપડા પોસ્ટેમાં જમા કરાવેલા, મુ.આ.નં.૧ થી ૪ વાળા કપડા પોસ્ટેમાં આપેલા તે જ છે, મુ.આ.ન.૧ થી ૪ વાળા કપડા જયારે પોસ્ટેમાં આપેલ ત્યારે તેણી તથા તેણીના પતિ અને ફક્ત પોલીસવાળા હતા, ત્યારબાદ કપડા આપી તેણી પોતાના ઘરે જતી રહેલ, તેણીએ ફરીયાદ આપ્યા બાદ અને આરોપી અર્જુનની ધરપકડ

થયા બાદ ભોગબનનાર બે વખત ઘરેથી ભાગી ગયેલ હતી, આ બાબતે તેણીએ પોલીસમાં ફરીયાદ કરેલી, ત્યારબાદ પોલીસ ભોગબનનાર અને પ્રદીપ પાટીલના નામના ઈસમને સાથે પકડી લાવેલ, ત્યારબાદ પોલીસે પ્રદીપને લોકઅપમાં મુકી દીધેલ, ત્યારબાદ શું થયેલું તેની તેણીને જાણ નથી, તેણીની સરતપાસમાં જણાવેલ તારીખો વિશે તેણીને તેણીના વકીલશ્રીએ યાદ કરાવેલ, તેણીની ફરીયાદ તેમજ તેણીના નિવેદનમાં પોલીસે શું લખેલું છે તેની તેણીને જાણકારી નથી, ફરીયાદમાં લખાવેલ બનાવ વિશે તેણીને કોઇ જાત માહીતી નથી, જે દીવસે પોલીસવાળા ભોગબનનારને પોસ્ટે લાવેલ ત્યારે તેણીને ખબર પડેલી, તેણીને ભોગબનનારને પોસ્ટે લાવ્યા બાદ શું થયુ છે તેની જાણ પોલીસે કરેલી.

**સાહેદોનો પુરાવોઃ–**

૨. ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક – ૨૧ થી ભોગબનનારને તપાસેલ છે. આ સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ કુલે ત્રણ ભાઈ બહેનો છે, જેમાં તેણી સૌથી મોટી છે અને ત્યારપછી તેણીની બહેન છે અને તેનાથી નાનો ભાઈ છે. બનાવ વખતે તેણીની ઉંમર–૧૭ વર્ષની આસપાસ હતી. તેણીની જન્મ તા.૧૩/૧૧/૨૦૦૭ છે. બનાવ વખતે તેણી ધોરણ–૧૦ માં અભ્યાસ કરતી હતી. બનાવના બે મહીના અગાઉ તેણી સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં કામકાજ કરવા માટે જતી હતી. તા.૨૮/૧૦/૨૦૨૪ ના રોજ તેણીને તેણીના માતા પિતા સાથે અભ્યાસના લીધે ઝગડો થયેલો જેથી તેણી ગુસ્સે થઈ તેણીના ઘરેથી તેણીના ગામ મહારાષ્ટ્ર મુકામે ટ્રેન મારફતે કોઈ ને કહ્યા વગર જતી રહેલી અને તેણી પોતાના ગામમાં તેણીના પોતાના મકાનમાં રહેતી હતી ત્યાં તેણી એકલી જ રહેતી હતી અને ત્યાં તેણી થોડીક દિવસ રોકાઈ તેણીના માતા પિતા પાસે પરત આવી ગયેલી. આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી. તેણી કોઈ અર્જુન નામના ઈસમને ઓળખતી નથી. તેણીને કોઈ સાથે મોબાઈલ ફોન ઉપર વાતચીત થતી હોય અને તેણીને કોઈ ઈસમ સાથે પ્રેમ સંબંધ બંધાયેલો હોય અને તેણે તેણીની મરજી વીરૂદ્ધ તેણી સાથે બળજબરી સાથે શરીર

સંબંધ બાંધેલો હોય તેમજ તેઓ બંને બાહરે મળતા હોય તેવુ બનેલ નથી. ત્યારબાદ તેણી સુરતથી સિકંદરાબાદ જતી ટ્રેનમાં બેસીને કોઈ આશ્રમમાં રહીને બોક્ષ બનાવતી કંપનીમાં કામે લાગી ગયેલી અને તેણી કોઈ ઈસમને ફોન કરી સિકંદરાબાદ બોલાવેલો હોય અને ત્યાં પણ તેણી સાથે બળજબરીથી તેણીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નથી. તેણીને પોલીસ સાથે સ્મીમેર હોસ્પિટલ જવાનું થયેલુ અને જ્યાં ડોક્ટરે તેણીની પુંછપરછ કરી તેણીની શારીરિક તપાસ કરેલ. તેણીને એક વખત કોર્ટમાં પણ જવાનું થયેલુ જ્યાં તેણીએ જજ સાહેબ રૂબરૂ નિવેદન લખાવેલુ. તેણીના બનાવ વખતેના કપડા પોસ્ટેમાં જમા કરાવેલા કે કેમ? તે હાલ તેણીને યાદ નથી. પોલીસે તેણીની હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવુ પણ બનેલ નથી. તેણી આ કામના આરોપીને ઓળખતી નથી. તેણીને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી. તેણીને નામદાર કોર્ટમાં રેકર્ડમાંથી શીલ બંધ કવર બતાવવામાં આવે છે જે કવર ખોલતા તેમાંથી બી.એન.એસ.એસની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તથા તેની સાથેના નિવેદન નોંધવા માટેની યાદી, સંમતિ, આધાર કાર્ડની નકલ, જન્મ પ્રમાણ પત્ર વીગેરે દસ્તાવેજો નીકળેલ છે જે પૈકી બી.એન.એસ.એસની કલમ–૧૮૩ મુજબના નિવેદન નીચે તેણીની સહીઓ ઓળખી બતાવતા જે આંક–૨૨થી રજુ થયેલ છે. તેણીને મુ.આ.નં. ૧ થી ૪ બતાવવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, આ કપડા તેણીના નથી અને તેણીએ પોસ્ટેમાં રજુ કરેલા નથી. તેણીને નિ.–૪/૨ થી રજુ જન્મનું પ્રમાણ પત્ર બતાવવામાં આવે છે જે જોઇને જણાવે છે કે, જે તેણીનું જ છે ઓળખી બતાવતા આંક–૨૩થી રજુ થયેલ છે. તેણીને નિ.–૪/૬ તથા નિ.–૪/૧૩ થી રજુ એમ.એલ.સી.કેસ પેપર્સ તથા મેડીકલ સર્ટી. બતાવવામાં આવે છે જેમાં તેણીની સહીઓ છે ઓળખી બતાવે છે.

સદર સાહેદે આ સિવાય ફરીયાદપક્ષના કેસની અન્ય કોઇ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં

આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ મરાઠી મીડીયમમાં અભ્યાસ કરેલ છે જેથી તેણીને ગુજરાતી લખતા વાંચતા ઓછુ આવડે છે, તા. ૨૮/૧૦/૨૦૨૪ ના રોજ તેણી પોતાની મરજી થી તેણીના ઘરેથી ચાલી ગયેલી, મહારાષ્ટ્ર મુકામે તેણીના ગામમાં તેણીને કોઈએ બળજબરીથી ગોંધી રાખેલી નહી કે, ત્યાં તેણીની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધાયેલા હતા નહી, તેણી સુરત આવી ગયેલા બાદ તેણીની મીસીંગની ફરીયાદના કામે પોલીસ સ્ટેશને લઈ ગયેલા, ત્યાં પોલીસે બેઝીક સવાલો પુંછી તૈયાર પાના ઉપર સહી લીધેલી, પોલીસે તૈયાર પાનામાં શુ લખેલુ તેની તેણીને ખબર નથી, તેણીએ તેણીની મમ્મી પપ્પા કે અન્ય કોઈ વ્યક્તિને એવુ જણાવેલ નથી કે, તેણી સાથે કોઈએ બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા છે, સુરત મુકામે પણ તેણી સાથે કોઈએ બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નથી, હોસ્પિટલે લઈ ગયા ત્યારે ડોક્ટરે તેણીની પુંછપરછ કરી, મેડીકલ તપાસ કરી એક તૈયાર પાના ઉપર સહી કરાવેલી તેમાં શું લખેલુ હતુ તેની તેણીને ખબર નથી, કોર્ટ રૂબરૂ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ વાળા નિવેદનમાં જણાવેલ હકીકત તેણીએ પોલીસના કહેવા મુજબ લખાવેલુ.

૩. ફરીયાદપક્ષે સાહેદ નં. ૩ આંક–૨૪થી ભોગબનનારના પિતા નાઓને તપાસેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તેમને કુલ ત્રણ સંતાન છે. જે પૈકી ભોગબનનાર સૌથી મોટી પુત્રી છે અને તેનો જન્મ ઔરગાંબાદ, મહારાષ્ટ્ર ખાતે થયેલ. તેમની ભોગબનનારની જન્મ તારીખ તેમને હાલ યાદ નથી. જ્યારે બનાવ બનેલો ત્યારે તેની ઉમંર ૧૮ વર્ષ આસપાસ હતી અને તેને ધોરણ દસ સુધી અભ્યાસ કરેલ છે અને તેનાથી નાની દીકરી અને દીકરો છે. બનાવ વખતે તેમની ભોગબનનાર દીકરી ઉધના દક્ષેશ્વરખાતે ડ્રેસ અને કુર્તીના કામ માટે જતી હતી. બનાવ વખતે તેમની ભોગબનનાર દીકરી

કામ પર જાવ છુ તેમ કહી ઘરેથી નીકળેલી અને ત્યારબાદ ઘરે પરત ન આવતા તેમની પત્નીએ તે બાબતે ડીંડોલી પોસ્ટેમાં ફરીયાદ આપેલી. બનાવની તારીખ તેમને હાલ યાદ નથી પરંતુ એકાદ વર્ષ પહેલા તેઓ પોતાની નોકરી પર ગયેલ અને રાત્રે તેઓ તેમના ઘરે પરત આવેલ ત્યારે તેમની પત્નીએ મને જણાવેલ કે, આપણી ભોગબનનાર રાબેતા મુજબ તેના કામ પર ગયેલી અને હું મારી કામ કરતી હતી. ત્યારબાદ બપોરના મેં તેણીને ફોન કરેલ અને તેને કામ પર હોવાનું કહી ફોન મુકી દીધેલ અને સાંજે રાબેતા મુજબ ઘરે પરત આવી જાય છે પરંતુ તે ઘરે આવેલ નથી. જેથી તેઓએ તેના મોબાઇલ પર ફોન કરેલ પરંતુ તેનો મોબાઇલ ફોન બંધ આવેલ. જેથી તેમની ભોગબનનાર દીકરીને તેઓની સોસા.માં તથા આજુબાજુમાં તથા તેઓના સગા સબંધીઓને ત્યાં તથા આસપાસ વિસ્તારમાં તપાસ કરતા તેમની દીકરી મળી આવેલ નહી. ત્યારબાદ તેઓ તેમના વતન ખાતે તપાસ કરવા માટે ગયેલ પરંતુ ત્યાં પણ તેમની ભોગબનનાર દીકરી મળી આવેલ નહી. જેથી તેમની ભોગબનનાર દીકરી ગુમ થઇ ગયેલ હોય અથવા કોઇ ઇસમ લલચાવી ફોસલાવી લઇ ગયેલ હોય તે બાબતે પોલીસમાં ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલું. તેમની ભોગબનનાર દીકરી દસ પંદર દીવસ બાદ તેઓના ઘરે પરત આવેલી અને તેમણે તેને બનાવ સબંધે પુછતા તેણીએ તેમને જણાવેલ કે, મેં તેને ભણવા બાબતે ઠપકો આપેલ હોય અને તેને ખોટુ લાગી આવતા તે તેની બેનપણી ઘરે ચાલી ગયેલાની હકીકત જણાવેલી. આ સિવાય તેની સાથે બીજો કોઇ બનાવ બનેલો નથી. તેઓની ભોગબનનાર દીકરી સાથે કોઇ ઇસમે કોઇ કૃત્ય કરેલું હોય તેવી હકીકત તેમની ભોગબનનાર દીકરીએ જણાવેલી હોય તેવું બનેલું નથી.

સદર સાહેદે આ સિવાય ફરીયાદપક્ષના કેસની અન્ય કોઇ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી લખતા વાંચતા આવડતુ નથી, તેમની ભોગબનનાર દિકરી સાથે આવો કોઈ બનાવ બનેલ નથી.

**પંચનામાં અંગેનો પુરાવોઃ-**

૪. સદર કામે બચાવપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું, ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું તથા આરોપીના કપડા કબજે કર્યા અંગેના પંચનામાંને આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો કરી આપતા સદર પંચનામાં અનુક્રમે આંક-૫૩,૫૪ તથા આંક-૩૫ સુધી રજુ થયેલ છે. સદર પંચનામાંમાં જણાવેલ હકીકતો વંચાણે લેતા ગુનાવાળી જગ્યાએથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ કડી મળી આવેલ નથી. તેમજ આંક-૩૮ વાળા પૃથ્થકરણ અહેવાલ મુજબ ભોગબનનારના તથા આરોપીના કપડા પરથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ મહત્વની કડી પ્રકાશિત થતી નથી. જેથી પણ તેમાં આરોપીને ગુના સાથે સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવી મહત્વની કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**સાયન્ટીફીક ઓફિસરનો પુરાવોઃ-**

૫. ફરીયાદપક્ષે સાહેદ નં.૭ આંક-૩૬થી એફ.એસ.એલ. અધિકારી / સાહેદ કલ્પેશભાઈ કાંતીલાલ મોઢ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૨૦/૧૨ /૨૦૨૪ ના રોજ ડીંડોલી પોસ્ટેના ગુ.ર.નં.-૧૧૨૧૦૦૫૬૨૪૨૫૧૩ / ૨૦૨૪, બી.એન.એસ.-૧૩૭(૨), ૮૭, પોક્સો વિગેરેના કામે કુલ-૨૬ સીલબંધ પાર્સલો તેઓને પરિક્ષણ અર્થે મળેલ. જે અંગેનું રવાનગી નોંધ આ કામે નિ.-૪/૧૧ થી રજુ છે, તે જોઇને જણાવે છે કે, આ તે છે, ઓળખી બતાવે છે અને જે અંગેની તેઓએ મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આપેલી જે પહોંચ આ કામે નિ.-૪/૧૨ થી રજુ છે, જે જોઇને જણાવે છે કે, જેની નીચે તેમની સહી છે, ઓળખી બતાવતા જે આંક-૩૭થી રજુ થયેલ છે.પાર્સલ માર્ક/એ-૪/૧ થી પાર્સલ-એ-૭ સુધી ભોગબનનારના કુલ અગ્યાર મેડીકલ નમુનાઓ

જે પૈકી- પાર્સલ માર્ક-એ-૪(૩) નેલ્સ રૂધિર કે પેશીય પદાર્થની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ માર્ક/એ-૪/૧ થી પાર્સલ-એ-૭ સુધી ભોગબનનારના કુલ અગ્યાર મેડીકલ નમુનાઓ જે પૈકી- પાર્સલ માર્ક-એ-૬(૧), ૬(૨), ૬(૩) અને ૬(૪) અનુક્રમે વઝાઈનલ સ્વોબ, યુરેથલ સ્વોબ જેમાં રૂધિક કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ માર્ક/બી-૩(૧) થી પાર્સલ-બી-૫ સુધી આરોપીના કુલ આઠ મેડીકલ નમુનાઓ જે પૈકી- પાર્સલ માર્ક-બી-૩(૧) સીમેન જે માનવ વીર્ય તરીકે ઓળખાયેલ હતુ. જેનુ જુથ-બી હતુ. પાર્સલ માર્ક/બી-૩(૧) થી પાર્સલ-બી-૫ સુધી આરોપીના કુલ આઠ મેડીકલ નમુનાઓ જે પૈકી- પાર્સલ માર્ક-બી-૩(૨) સલાઈવા-લાળ તરીકે ઓળખાયેલ હતુ અને જેનુ જુથ બી હતુ. પાર્સલ માર્ક/બી-૩(૧) થી પાર્સલ-બી-૫ સુધી આરોપીના કુલ આઠ મેડીકલ નમુનાઓ જે પૈકી- પાર્સલ માર્ક-બી-૩(૩) નેલ્સ-જેમાં રૂધિર કે પેશીય પદાર્થની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ માર્ક/બી-૩(૧) થી પાર્સલ-બી-૫ સુધી આરોપીના કુલ આઠ મેડીકલ નમુનાઓ જે પૈકી- પાર્સલ માર્ક-બી-૩(૪) અને માર્ક-બી-૩(૫) અનુક્રમે સ્કાલ્પ હેર અને પ્યુબિક હેર જેમાં રૂધિર કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ માર્ક/બી-૩(૧) થી પાર્સલ-બી-૫ સુધી આરોપીના કુલ આઠ મેડીકલ નમુનાઓ જે પૈકી- પાર્સલ માર્ક-બી-૪(૧), માર્ક-બી-૪(૨) અને માર્ક-બી-૫ બ્લડ-જે માનવ રૂધિર તરીકે ઓળખાયેલ હતુ અને જેનુ જુથ બી હતુ. સદર અહેવાલ તેઓએ તૈયાર કરેલ, જે તેઓ પોતાની સાથે લાવેલ છે, જેની નીચે તેમની સહી તથા હોદ્દાનો સીક્કો છે, ઓળખી બતાવતા જે ફોર્વોડીગ પત્ર સાથેનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ અહેવાલ સંયુકત આંક-૩૮થી રજુ થયેલ છે.

બચાવપક્ષે સદર સાહેદી ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે કરેલ કપડાનું પરિક્ષણમાં કોઇ માનવ રુધીર કે વીર્યની હાજરી મળી આવેલી નહી, તેમની પાસે રજુ કરેલા કપડા સામાન્ય રીતે બજારમાં સહેલાઇથી મળી શકે.

**તબીબી સાહેદનો પુરાવોઃ–**

૬. ફરીયાદપક્ષે સાહેદ નં.૪ આંક–૨૫થી સાહેદ ડો. હિમાંશી અગ્રવાલ નાઓને તપાસવામાં આવેલા છે. તેણી પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ સાંજના ૦૬.૩૦ વાગ્યાના સુમારે તેણી સ્મીમેર હોસ્પીટલમાં ગાયનેક વિભાગમાં ફરજ બજાવતી હતી. આ કામે ભોગ બનનારને સી.એમ. ઓ. એ તેઓ તરફ રીફર કરેલા. ભોગ બનનારને તેના પિતા તથા WLR વર્ષાબેન મકવાણા બ.ન.૪૨૦૬, ડીંડોલી પો.સ્ટે. સુરત શહેર નાઓ લઇને આવેલા. તેઓએ ભોગ બનનારની તપાસ માટે ભોગબનનારની તથા તેના પિતાની સંમતિ લીધેલી અને તે બદલ તેઓની સહી તેઓના કેસ પેપરમાં લીધેલી. ભોગબનનારને પુછતા તેને હીસ્ટ્રી ગુજરાતી ભાષામાં હિસ્ટ્રી આપેલી અને તેઓએ તે અંગ્રેજી ભાષામાં નોંધેલી. જેમાં ભોગબનનારે તેઓને જણાવેલ કે, *"ભોગબનનાર આરોપીને ત્રણ વર્ષથી ઓળખતી હતી. તેઓ એક લગ્નમાં મળ્યા હતા. તેઓ એકબીજાના પ્રેમમાં છેલ્લા છ મહીનાથી હતા અને તેઓ ગાર્ડન અને તેમના મિત્રના ઘરે મળતા હતા. ભોગબનનારે એવુ જણાવેલ છે કે, તેમના વચ્ચે કોઈ શારીરિક સંબંધ બંધાયેલ નથી પરંતુ આરોપીએ ભોગબનનાર સાથે ફીંગરીંગ તથા મુખ મૈથુન કરેલો હતો. તેઓ તા. ૨૮/૧૦/૨૦૨૪ ના રોજ હૈદરાબાદ ગયા હતા અને ત્યાં આશ્રમમાં રોકાયેલા હતા. તેઓની વચ્ચે કોઈ શારીરિક સંબંધ બંધાયેલો ન હતો અને પિતાએ કેસ દાખલ કરેલો હોય તેઓ બંનેને પોલીસે પકડીને તા. ૧૦/૧૨/૨૦૨૪ ના રોજ સુરત લાવેલા."* ભોગ બનનારના ઓળખના ચિહ્નોમાં ડાબા ગાલ ઉપર કાળા તલનું નિશાન હતુ અને ભોગબનનારના ડાબા હાથના અંગુઠાનું નિશાન લીધેલું. તેઓએ ભોગ બનનારની તપાસણી કરતા અને મેડીકલ સેમ્પલ લેતા પહેલા તેમના પિતા અને ભોગબનનારની સમંતિ લીધેલી છે. ભોગબનનારની તપાસ કરતા તેણીના વાયટલ પેરામીટર્સ નોર્મલ હતા અને તેણીને માસિકની છેલ્લી તા.૦૩/૧૨/૨૦૨૪ હતી અને પ્રેગનેન્સી ટેસ્ટ નેગેટીવ હતો. ભોગબનનારના બે યુરેથ્રલ તથા બે વજાઇનલ સેમ્પલ લીધેલ હતા જે

બંને સેમ્પલો શીલ કરી WLR ને પૃથ્થકરણ સારૂ સોંપી દીધેલા. ભોગબનનારની એક્સ્ટર્નલ જનાઇટલની તપાસણી કરતા તાજા ઈન્જરીના નિશાન જોવા મળેલ ન હતા. ભોગબનનારની લોક્કલ જનાઇટલ એક્જામીનેશ કરતા ભોગબનનારને પ્યુબીક હેર હતા. ભોગબનનારને વલ્વા, ફોર્સેટ, પોસ્ટીરીયર કમીશર (શરીરના બાહ્ય ભાગો) નોર્મલ હતુ. તેમાં કોઇ તાજા ઈજાના નિશાન મળી આવેલ ન હતા. ભોગબનનારનો હાઈમેન જુનુ તુટેલું હતુ. ભોગ બનનારને સાયકાટ્રીક વિભાગમાં રીફર કરેલ. તેણીના અભિપ્રાય પ્રમાણે હીસ્ટ્રી અને કલીનીકલ એક્જામીનેશના આધારે ભોગબનનાર સાથે તાજેતરમાં કોઇ બળપુર્વક વજાઇનલ ઇન્ટર કોર્સ કરેલાના પુરાવા મળી આવેલ ન હતા પરંતુ ભુતકાળમાં જો કંઇ બન્યુ હોય તો તે શક્યતા નકારી શકાય નહીં. તેણી પોતાની સાથે પોલીસ યાદી લાવેલી છે જેમાં જે તે પોલીસ અધિકારીની સહી છે જે ઓળખી બતાવતા આંક-૨૬થી રજુ થયેલ છે. તેણીને નિ.૪/૨૩ બતાવવામાં આવે છે, જે ભોગ બનનારનુ મેડીકલ એક્જામીનેશ રીપોર્ટ છે, જે તેણીના હસ્તાક્ષરમાં છે, જેની નીચે ભોગબનનારની તથા તેમના પિતાની તથા વુમનો પોકોની તેમજ તેણીની સહી છે, જે ઓળખી બતાવતા આંક-૨૭થી રજુ થયેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જ્યારે ભોગબનનારને તેણી પાસે લાવેલ ત્યારે પોલીસ યાદી સાથે લાવેલ, તેણીએ પોલીસ યાદીનો અભ્યાસ કરેલ હતો, ભોગબનનારને જ્યારે તેણી પાસે લાવેલ ત્યારે સ્વસ્થ અવસ્થામાં લાવેલ, ભોગબનનારના ગુપ્ત ભાગે કે બાહ્યના ભાગે કોઇ ઈજાના નિશાન ન હતા, હાઈમન તુટવાના ઘણા બધા કારણો હોઇ શકે છે, ભોગબનનારને જ્યારે તેઓની પાસે લાવેલ ત્યારે તેના ઓળખ અંગેના પુરાવા તેઓએ જોયેલા નહી, ભોગબનનારને તેણી પાસે લાવવામાં આવેલ ત્યારે કોઈ શારીરિક ઈજાઓ ન હતી, ભોગબનનારે તેણી રૂબરૂમાં લખાવેલી હીસ્ટ્રી મુજબ તેણીની સાથે કોઈ શારીરિક સંબંધ સ્થાપિત થયેલ હોય તેવુ જણાવેલ નથી, ભોગબનનારના ઉંમરને લગતી તેણીએ કોઈ અલગથી તપાસ કરેલ

નથી.

૭. ફરીયાદપક્ષે સાહેદ નં.૫ આંક–૨૮થી સાહેદ ડો. સની નારણભાઇ ધારીયા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૧૨ / ૧૨ /૨૦૨૪ ના રોજ આશરે સાંજના ૧૭–૨૧ વાગ્યાના સુમારે તેઓ પોતાની ફરજ પર સ્મીમેર હોસ્પીટલમાં હાજર હતા ત્યારે ડીંડોલી પો.સ્ટે. પી.આઈ.ની લેખિત યાદી સાથે વુ.પોકો વર્ષાબેન બ.નં–૪૨૦૬ ભોગબનનારને તેમની સમક્ષ જરુરી મેડીકલ તપાસ તથા સેમ્પલ લેવા લાવેલા. જે યાદી તેમને પોલીસ પેપર્સમાંથી બતાવવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, જેની નીચે રીસીવ કરનાર તરીકે તેમની સહી ઓળખી બતાવતા જે આંક–૨૯થી રજુ થયેલ છે. ભોગબનનારને તેમની પાસે લાવ્યા ત્યારે તે સંપુર્ણ ભાનમાં હતા. સવાલ સમજી શકતા હતા અને જવાબ આપી શકતા હતા. તેમનુ શારીરીક પરીક્ષણ કરતા પહેલા ભોગબનનાર અને તેની માતાની લેખીત પરમીશન મેળવેલી. તેમના ઓળખના ચિન્હોમાં ડાબા ચહેરા પર કાળા તલનું નિશાન હતુ તેના ડાબા હાથના અંગુઠાનું નિશાન લીધેલું. ભોગબનનારને હિસ્ટ્રી પુછતા તેને ગુજરાતી ભાષામાં જણાવેલી અને જે તેમણે ગુજરાતી ભાષામાં લખેલી. ભોગબનનારે જણાવેલું, *"હું છોકરાને ત્રણ વર્ષથી ઓળખું છુ જેને (અર્જુન) એક લગ્ન દરમ્યાન મળેલા હતા ત્યારબાદ અમારે મળવાનું ઘણી વખત ઘરના પ્રસંગો દરમ્યાન મળવાનુ થતુ હતુ અને એકબીજા જોડે મિત્રતા થઈ ગયેલી અને આજથી પાંચ છ મહીના પહેલા અમે એક બીજાના પ્રેમમાં છીએ અને એક મહીના પહેલા અમારા ઘરે ખબર પડી જતા મને મારા ઘરવાળા તે બાબતે વારંવાર ઠપકો આપતા હું મારી મરજીથી તેની જોડે તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ હૈદ્રાબાદ ખાતે ભાગી ગયેલ હતી અને ત્યાં હું આશ્રમમાં રહેલી હતી અને અર્જુન ભાડાના મકાનમાં રહેતો હતો ત્યારબાદ મારા ઘરવાળા દ્રારા પોલીસ કેસ થઈ જતા તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ અમને પોલીસ દ્રારા હૈદ્રાબાદ થી સુરત પોસ્ટે હાજર કરેલા અને આજરોજ મને હોસ્પીટલમાં તપાસ માટે લાવેલ છે. આ સમગ્ર ઘટના દરમ્યાન મારે અર્જુન જોડે કોઈપણ પ્રકારના*

*શારિરીક સબંધ બનેલા નથી.* " હીસ્ટ્રીની નીચે ભોગબનનારની સહી લીધેલી. ભોગબનનારને તપાસ કરતા તેમના વાયટલ પેરામીટર્સ નોર્મલ હતા. શરીર પર કોઇ ઈજાના નિશાન ન હતા અને તેમના શરીરમાંથી સેમ્પલોમાં માથાના વાળ, લાળ, નખ, ૩ મીલી લોહી પ્લેન બલ્બમાં તથા ઈ.ડી.ટી.એ બલ્બમાં, તથા ડીએનએ સેમ્પલ લઈ શીલ કરી શીલબંધ કવર સાથે આવનાર પોકો એફ.એસ.એલ.પરીક્ષણ અર્થે સુપ્રત કરેલ.ત્યારબાદ ભોગબનનારને વધુ તપાસ માટે ગાયનેક વિભાગમાં રીફર કરેલા. જે અંગેના મેડીકલ કેસ પેપર્સ નિ.૦૪/૦૬ થી રજુ છે, જે તેમના હસ્તાક્ષરમાં છે, જેની નીચે તેમની તથા ભોગબનનાર તથા તેની માતા તથા વુપોકો વર્ષાબેનની સહી છે, ઓળખી બતાવતા જે આંક–૨૯થી રજુ થયેલ છે. તેમને નિ.૦૪/૦૭ વાળુ મેડીકસ કેસ પેપર્સ બતાવવામાં આવે છે, તે જોઈને જણાવે છે કે, તે ભોગબનનારનું માનસિક વિભાગમાં રીફ઼ેર કરેલા અને તે રીપોર્ટ નોર્મલ હોવાના કેસ પેપર્સ છે, જેની નીચે ડો.મલ્લિકાનાઓની સહી છે, ઓળખી બતાવતા જે આંક–૩૦થી રજુ થયેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, જ્યારે તેમની પાસે ભોગબનનારને લાવેલ ત્યારે તેની સાથે તેની માતા આવેલ. એ વાત કબુલેછે કે, તેમણે ભોગબનનારની ફક્ત પ્રાથમિક તપાસ કરેલી છે, તેમની તપાસ દરમ્યાન ભોગબનનારને ચકાસણી કરતા તેના બાહ્ય શરીર પર કોઇ ઈજાના નિશાન નહી હતા, તેમણે ભોગબનનારની ઉમંરને લગતી ખરાઈ કરાવેલ નથી.

૮. ફરીયાદપક્ષે સાહેદ નં.૬ આંક–૩૧થી સાહેદ ડો. રૂચિ રોની હોવી નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૧૩/ ૧૨/૨૦૨૪ નાં રોજ પી.એસ.આઈ. એન.સી.પટેલ, ડીંડોલી પોસ્ટેનાઓ યાદી સાથે આરોપી નામે અર્જુન સંતોષ આહિરે, ઉ.વ.૨૧, નાઓને તેઓની પાસે મેડીકલ પરિક્ષણ અર્થે લાવેલા. જે યાદી તેણી પોતાની સાથે લાવેલ છે. જે જોઈને જણાવે છે કે આ તે જ યાદી છે જેમાં એન.સી.પટેલનાઓની સહી છે ઓળખી બતાવતા જે આંક–૩૨થી રજુ થયેલ છે. આરોપીનાં ઓળખનાં

ચિન્હોમાં આરોપીનાં જમણા હાંથ પર કાળા તલનું નિશાન હતુ અને ડાબી બાજુ હોંઠના નીચલા ભાગે કાળા તલનું નિશાન હતુ.આરોપીએ તેઓ રૂબરૂ હિન્દી ભાષામાં હિસ્ટ્રી આપેલી જે તેણીએ મેડીકલ પેપર્સમાં હિન્દી ભાષામાં લખી લીધેલી. હિસ્ટ્રીમાં આરોપીએ જણાવેલ કે, "આરોપી ભોગબનનાર કો પાંચ સાલ સે જાનતા હૈ ઓર દોનો કા અફેયર ભોગબનનાર કી સાદી કિસી ઔર કે સાથ હોને વાલી થી ઈસલિયે વો હૈદરાબાદ ભાગ ગયે ફિર ભોગબનનારને આરોપી કો ફોન કરકે બુલાયા આરોપી હૈદરાબાદ ચલા ગયા. વહાં દોનોને જોબ લિયા ઔર દોનો અલગ રહતે છે. ૧૫ દિન પહલે દોનોને અપની મરજીસે કંડોમ કો ઈસ્તેમાલ કરકે શારીરિક સંબંધ બાંધા થા. ફિર હૈદરાબાદ પોલીસને તા.૧૦/૧૨/૨૦૨૪ કો પકડા ઔર તા.૧૨/૧૨/૨૦૨૪ કો સુરત આયા" આરોપીને તપાસતા તે સભાન અવસ્થામાં હતા. તેનાં વાયટલ નોર્મલ હતા. તેનાં શરીર પર ડાબા હાંથ પર સોજો હતો, તેની હકીકત પુંછતા તેમને જણાવેલ કે બે દિવસ પહેલા લાકડાના ડંડા વડે પોલીસે તેમને મારેલ જગ્યાની ખબર નથી. ત્યારબાદ પેશન્ટને વધુ તપાસ માટે સર્જરી વિભાગમાં રેફર કરેલા અને સર્જરી વિભાગના ડોક્ટરશ્રીએ સર્જરી એક્ષરે અને સોનોગ્રાફી માટે એડવાઈઝ કરેલી પણ આરોપીએ દાખલ તથા આગળની સારવાર તથા કોઈપણ જાતના ઈન્વેસ્ટીગેશન માટે નીગેટીવ કન્સેન્ટ આપેલ છે. આરોપીનાં શરીરમાંથી બ્લડ સાદુ, બ્લડ ઈ.ડી.ટી.એ., માથાનાં વાળ, લાળ, નખ, પ્યુબીક હેર અને ડી.એન.એ.(બ્લડ ઈ.ડી.ટી.એ.) સેમ્પલ, વીર્યનાં સેમ્પલો લેવામાં આવેલા અને તેને સીલ કરીને સાથે આવનાર પોલીસને આપેલા. તેણીના મંતવ્ય મુજબ આરોપી શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હતો. તેણીને નિ.૦૪/૦૮ અને નિ.૦૪/૦૯ થી રજુ મેડીકલ કેસ પેપર્સ બતાવામાં આવે છે, તે જોઇને જણાવે છે કે, જે તેણીના હસ્તાક્ષરમાં છે. જેમાં આરોપીની તથા પોલીસ કર્મીની તથા તેણીની સહી છે ઓળખી બતાવતા જેઅનુક્રમે આંક–૩૩ અને આંક–૩૪થી રજુ થયેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી

હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને તેઓ પાસે લાવવામાં આવેલ ત્યારે પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવેલ, તેણી પાસે આરોપીને પોલીસ યાદી સાથે લાવવામાં આવેલી, આ યાદીમાં ગુનાની ટુંકી વિગત લખેલી હતી, તેણીએ આરોપીને તપાસ કરતા પુર્વે યાદીનો અભ્યાસ કરેલ.

**પોલીસ સાહેદનો પુરાવોઃ–**

૯. સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૮ આંક–૩૯થી પી.એસ.ઓ. સુરેશભાઈ જયરામભાઈ પવાર નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ પોતાની ફરજ પર હાજર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી તેઓની રૂબરૂ આવી તેમની ભોગબનનાર દિકરીને કોઈ અજાણ્યા ઈસમ લલચાવી ફોસલાવી તેમના કાયદેસરના વાલીપણામાંથી લઈ ગયેલાની વિગતવારની ફરીયાદ લખાવતા તેમના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખી લીધેલી અને સદર ફરીયાદને તેઓએ ડિંડોલી પોસ્ટે ફ.ગુ.ર.નં.–૧૧૨૧૦૦૫૬૨૪૨૫૧૩/૨૦૨૪ થી બી. એન. એસ. ની કલમ–૧૩૭(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરેલો અને સ્ટે.ડાયરીમાં એન્ટ્રી નં.૩૦/૨૦૨૪ થી કલાક ૨૧–૩૦ કલાકે કરેલી અને આગળની તપાસ પોસઈ એન.સી.પટેલનાઓ તરફ મોકલી આપેલી. તેઓ પોતાની સાથે સ્ટેશન ડાયરીના ઉતારાની સહી સિક્કાવાળી નકલ લાવી રજુ કરતા જે આંક–૪૦થી રજુ થયેલ છે. તેમને આંક–૧૪ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે જેમાં ફરીયાદીના અંગુઠાનું નિશાન તથા રૂબરૂ તરીકે તથા પી.એસ.ઓ. તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક–૨૩ વાળુ ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે ફરીયાદીએ ફરીયાદ આપતી વખતે રજુ કરેલ તે જ છે જે ઓળખી બતાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ ૧૬ થી ૧૭ દિવસ મોડી આપેલી છે. ફરીયાદીએ ફરીયાદ અજાણ્યા ઈસમ વિરૂદ્ધ આપેલી છે. એ

વાત કબુલે છે કે, આંક-૧૪ વાળી ફરીયાદમાં ફરીયાદીના અંગુઠાનું નિશાન ઓળખાવેલ નથી.

૧૦. સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૯ આંક-૪૨થી પો.સ.ઇ. નિલેશકુમાર છોટુભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તેઓ છેલ્લા બે વર્ષથી ડીંડોલી પોસ્ટેમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે. સદર ગુનાની તપાસ તેઓને સોંપવામાં આવતા તેઓએ સંભાળી લીધેલી. તપાસના કામે ભોગબનનારના ઉંમર અંગેની પુરાવા તપાસમાં સામેલ રાખેલ. તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. તપાસના કામે સરકારી પંચો ફાળવવા માટેની યાદી કરી, આરોપી તથા ભોગબનનારના કપડા કબ્જે કર્યા અંગેના પંચનામા, તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ તથા ભોગબનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલો તપાસના કામે સામેલ રાખેલ તથા આરોપીને નિયત સમયમાં નામદાર કોર્ટમાં રજુ કરેલ. તપાસના કામે ભોગબનનારનો બી.એન.એસ. કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવા માટે નામદાર કોર્ટમાં તજવીજ કરેલ. આરોપીને નિયત સમયમાં નામદાર કોર્ટમાં રજુ કરેલા તેમજ ભોગબનનારનું નિવેદન લીધા બાદ નામદાર કોર્ટમાં કલમ ઉમેરા અંગેનો રીપોર્ટ કરેલો.આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે જેને ઓળખી બતાવે છે. તેમને આંક-૨૩ થી રજુ ભોગબનનારના ઉંમર અંગેના પુરાવા બતાવવામાં આવે છે જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે ઓળખી બતાવે છે. તેમને આંક-૩૩ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક-૩૪ થી ભોગબનનારના કપડા કબ્જે કર્યા અંગેનુ પંચનામું, આંક-૩૫ થી રજુ આરોપીના કપડા કબ્જે કર્યા અંગેનુ પંચનામું બતાવવામા આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. તેમજ ગુનાના કામે કબ્જે કરેલ મુ.મા. તથા મેડીકલ સેમ્પલો પૃથ્થકરણ કરવા સારૂ એફ.એસ. એલ. માં મોકલવા રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલ. જે રવાનગી નોંધ આ કામે નિ.-૪/૧૧ થી રજુ છે. જે જોઈને જણાવે છે કે, આ તે જ રવાનગી નોંધ છે જે તેમણે તપાસના કામે સામેલ રાખેલ તે

જ છે ઓળખી બતાવતા જે આંક–૪૩થી રજુ થયેલ છે. તેમને નિ.–૪/૧૦ થી રજુ કલમ ઉમેરા અંગેનો રીપોર્ટ બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે ઓળખી બતાવતા આંક–૪૪થી રજુ થયેલ છે. તેમને મુ.આ.નં.૧ થી ૭ બતાવવામાં આવે છે, જે તેમણે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે ઓળખી બતાવે છે. તેમજ સદર મુ.મા.આ. માં થી નીકળેલ પંચસ્લીપ નંગ –૭ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવતા જે અનુક્રમે આંક–૪૫થી આંક–૫૧ સુધી રજુ થયેલ છે. આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર સાહેદે ભોગબનનાર, ભોગબનનારના પિતાના નિવેદનો તેઓના લખાવ્યા મુજબનું લખી લીધેલ.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામની તપાસ તેમણે સંભાળી તે પહેલા ફરીયાદ તેમણે લીધેલ નથી, તપાસ સંભાળતા પહેલા તેમણે ફરીયાદનો અભ્યાસ કરેલો, ભોગબનનાર બીનગુજરાતી હતા અને તેમને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હતુ, ગુનાવાળી જગ્યા ઉપર થી કોઈ મુ.મા. મળી આવેલ નથી, તેમણે તપાસના કામે હૈદરાબાદ(તેલંગાણા) જઈ તપાસ કરેલ અને ત્યાં પંચનામા કરેલા નથી કે, ત્યાંના કોઈ સાહેદોના નિવેદન લીધા હોય તેવુ બનેલ નથી, ફરીયાદીએ ફરીયાદ અજાણ્યા ઈસમ વિરૂદ્ધ આપેલી.

૧૧. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ આંક – ૫૨ થી અ.હે.કો. મુકેશભાઇ કિકલાભાઈ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાના પુરાવામાં મુખ્યત્વે એવુ જણાવે છે કે, તેઓ છેલ્લા બે વર્ષથી ડીંડોલી પોસ્ટેમાં અ.હે.કો. તરીકે ફરજ બજાવે છે. સદર ગુનાની તપાસ પોસઈ એન.સી.પટેલ સાહેબનાઓ કરતા હોય અને સદર ગુનાના ભોગબનનારનું મોબાઈલ લોકેશન તેલંગાણા ખાતે આવતુ હોય જેથી તેઓ તથા તેમની સાથે પો.કો. ક્રિપાલસિંહ, પો.કો. રંજીતસિંહનાઓ તેલંગાણાના ગગનપહાડ વીલેજ ખાતે ગયેલા અને લોકેશનના આધારે તપાસ કરતા ભોગબનનાર તથા આરોપી અર્જુન મળી આવતા તેઓને

પુંછપરછ માટે ડીંડોલી પોસ્ટે લાવી સોંપી દીધેલ અને બનાવ સંબંધે એન.સી. પટેલ સાહેબે તેમનું નિવેદન લીધેલુ. આ કામના આરોપીને તેઓ ઓળખે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે ઓળખી બતાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રાજ્ય બહાર કેવી રીતે ગયેલા તે અંગેનો ઉલ્લેખ તેમના નિવેદનમાં કરેલ નથી, રાજ્ય બહાર તેઓ તપાસમાં ગયેલ તે અંગેની સ્ટેશન ડાયરીની નોંધ તેમણે આ કામે રજુ કરેલ નથી, તેલંગાણા ખાતે તેઓએ ત્યાંની સ્થાનિક પોલીસની મદદ લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, લોકેશનના આધારે તેઓને આરોપી અને ભોગબનનાર મળી આવતા તેઓને ત્યાંની સ્થાનિક પોલીસની મદદ લેવાની જરૂર પડેલ નહી, તેઓ તપાસમાં ગયેલા ત્યાં કોઈ પણ જાતના પંચનામાઓ કરેલ નથી, તેલંગાણા ખાતે તેઓએ કોઈ સાહેદોના નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી.

**કાયદાની જોગવાઇ લક્ષમાં રાખી ફરીયાદપક્ષે આપેલ પુરાવાનું મુલ્યાંકનઃ–**

**–// કારણો//–**

**મુદ્દા નં.૧ઃ–**

૧૨. સૌપ્રથમ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ કામે એ નોંધવુ જરૂરી છે કે, આ કામે આરોપી જાતિય સતામણી તથા દુષ્કર્મ જેવા ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપોનો સામનો કરી રહેલ છે. આ કામે પ્રથમ ફરીયાદપક્ષ પર પોતાના કેસની પ્રાથમિક હકીકત તમામ વ્યાજબી શંકાથી પર પુરાવો રજુ કરી પુરવાર કરવાનો બોજો રહેલ છે. વળી, પોકસો એકટની જોગવાઇ મુજબ ગુનાહિત માનસિકતા અંગે અને ગુના અંગે અનુમાન કરવાની જોગવાઇ કાયદામાં રહેલી છે પરંતુ, તે અનુમાન કેસની પ્રાથમિક હકીકત પુરવાર થયા બાદ અસ્તિત્વમાં આવે છે. તેમજ પુરાવામાં શંકા કે ત્રુટી હોય તો આરોપીને ચોકકસપણે તેનો લાભ મળી શકે છે. તે હકીકત ધ્યાને રાખી ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે. વધુમાં ચોકકસ પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦

માં આરોપી વિરૂધ્ધ અનુમાન રહેલ છે. આ અનુમાનો ફરીયાદપક્ષ પોતાના કેસની મહત્વની હકીકત અંગેનો વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરે તે બાદ અસ્તિત્વમાં આવે છે. તેમજ નામ. સુપ્રિમ કોર્ટના ગંગાધર ઉર્ફે ગંગારામ વિરૂધ્ધ મધ્યપ્રદેશ (૨૦૨૦) ૯ એસ.સી.સી. ૨૦૨ માં પેરા –૯ ધ્યાને લેતા પોકસો એકટ, એન.ડી.પી.એસ. એકટ તથા ટાડા એકટમાં રહેલા અનુમાનો તે કેસની સજાની જોગવાઇઓ અને ગંભીરતા ધ્યાને લેતા, ફરીયાદપક્ષે અનુમાનો પર આધાર રાખતા પુર્વે ગુના અંગે પ્રાથમિક હકીકતો પ્રથમ મજબુત અને ઠોસ પુરાવાથી પુરવાર કરવી પડે અને તે બાદ અનુમાનો આરોપી સામે અસ્તિત્વમાં આવે છે તેમ સ્પષ્ટ કરેલ છે. આ તમામ સિધ્ધાંતો અને આક્ષેપિત ગુનાના તત્વો ધ્યાને રાખી આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવુ આવશ્યક છે.

૧૩. હવે ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને રાખી સૌ પ્રથમ ફરીયાદપક્ષના કેસની પાયાની હકીકતો જોવામાં આવે તો, ભોગબનનાર પોકસો એકટની કલમ–૨(૧)ડી મુજબ બાળકની વ્યાખ્યામાં આવતા બાળક છે કે કેમ? તે પ્રથમ ચકાસવાનું રહે છે. તે વ્યાખ્યા મુજબ ૧૮ વર્ષની નાની વયની વ્યકિત તે બાળક છે. આ કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૭ વર્ષ ૨૯ દિવસ હોય એટલે કે ૧૮ વર્ષ કરતા નાની હતી. હવે ભોગબનનાર ૧૮ વર્ષથી નાની ઉમરના હતા તે હકીકત તમામ વ્યાજબી શંકાઓથી પર પ્રથમ ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. વળી, આ કામના આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૨૯, કલમ–૩૦ મુજબના અનુમાનો પણ પ્રાથમિક હકીકતો સાબિત થયેથી ચોકકસપણે અસ્તિત્વમાં આવે છે.

૧૪. ભોગબનનારની ઉમર નકકી કરવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના જર્નેલસીંઘ વિરૂધ્ધ હરીયાણા સ્ટેટના ક્રિમીનલ અપીલ નં. ૧૨૦૯/૨૦૧૦, એ.આઇ.આર. ૨૦૧૩, એસ.સી. ૩૪૬૭ ના ચુકાદામાં પેરા–૨૦ અને ૨૧ માં આપેલ માર્ગદર્શિકા મુજબ પોકસો એકટમાં ભોગબનનારની ઉમર નકકી કરવાનો મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે જુવેનાઇલ જસ્ટીસ એકટ અન્વયે ૨૦૦૭ માં ઘડવામાં આવેલ રૂલ્સ ૧૨ માં આપેલ જોગવાઇ મુજબ ઉમર નકકી કરવાની રહે છે. સદર

રૂલ મુજબ પ્રથમ જન્મ તારીખ અંગેના પુરાવામાં મેટ્રીકયુલસ અથવા તેના સમકક્ષ સર્ટીફીકેટનો પુરાવો અને તે ન હોય તો શાળા દ્વારા પ્રથમ દાખલ થયા હોય તે સમયે નોંધાયેલ જન્મ તારીખના પ્રમાણપત્રના આધારે અને તે ન હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયતમાં જન્મ તારીખ નોંધાવેલ હોય તે અંગેના પ્રમાણપત્ર પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની થાય છે. ત્યારબાદ જો તેની ગેરહાજરી હોય તો જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. સદર ચુકાદા બાદ જુવેનાઇલ જસ્ટીસ એકટમાં સુધારો કરવામાં આવેલ છે. તે કાયદાની કલમ–૯૪માં ઉમર અંગે કયા દસ્તાવેજો ચકાસવા જોઇએ તે દર્શાવેલ છે અને તે સાથે પોકસો એકટની કલમ–૩૪ માં ગુનો કરનાર ઇસમ જુવેનાઇલ છે કે કેમ? તે પણ જુવેનાઇલ જસ્ટીસ એકટની જોગવાઇ મુજબ નકકી કરવાની જોગવાઇ છે. તેમજ નામ. સર્વોચ્ચ અદાલતે **P.Yuvaprakash V/s State Rep.Inspector of Police, Cri.Appeal No.-1898 / 2023, Dated 18/-7/2023** ના કેસમાં પણ સ્પષ્ટ કરેલ છે કે, જુવેનાઇલ જસ્ટીસ એકટની જોગવાઇ મુજબ ભોગબનનારની ઉમર નકકી કરવાની થાય છે.

૧૫. આ કામે કલમ–૯૪ જુવેનાઇલ જસ્ટીસ એકટ મુજબની ભોગબનનારની ઉમર માટે પ્રથમ જન્મ તારીખ અંગેના પુરાવામાં મેટ્રીકયુલસ અથવા તેના સમકક્ષ સર્ટીફીકેટનો પુરાવો અને શાળા દ્વારા પ્રથમ દાખલ થયા હોય, તે સમયે નોંધાયેલ જન્મ તારીખના પ્રમાણપત્રના આધારે અને તે ન હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયતમાં જન્મ તારીખ નોંધાવેલ હોય તે અંગેના પ્રમાણપત્ર પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ નકકી કરવાની થાય છે. તેની ગેરહાજરીમાં જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉમર નકકી કરવાની રહે છે.

૧૬. સદર કામે ભોગબનનારની ઉમર અંગે ફરીયાદપક્ષે રજુ પુરાવાનું

તુલનાત્મક અભ્યાસ કરી મુલ્યાંકન કરતા એવી હકીકત ફલિત થાય છે કે સદર કામે ફરીયાદપક્ષે આંક–૨૩થી ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. આ કામે આંક–૧૩થી ભોગબનનારની માતા તથા આંક–૨૧થી ભોગબનનારનો પુરાવો ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તા.૧૩.૧૧.૨૦૦૭ ની હોવાનું તથા બનાવ સમયે તેણીની ઉમર ૧૭ વર્ષ જેટલી હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે આ સાહેદોના આ પુરાવામાં કોઇ મહત્વની તકરાર લેવામાં આવેલ નથી. તેમજ ઉંડાણપુર્વક પડકારેલ નથી. તેમજ તે પુરાવામાં શંકા ઉપજે તેવી અન્ય કોઇ મહત્વની હકીકત પણ તેઓના પુરાવામાં રેકર્ડ પર લાવેલ નથી. આ કામે આંક–૨૩થી રજુ ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર ધ્યાને લેતા તેમાં ભોગબનનારની જન્મ તા. ૧૩.૧૧.૨૦૦૭ ની હોવાનું ફલિત થાય છે. સદર જન્મનું પ્રમાણપત્ર તા.૨૦.૦૮.૨૦૦૯ ના રોજ ઇશ્યુ કરેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસમાં આ પુરાવાને પડકારેલ નથી. તેમજ ભોગબનનારની ઉમર ૧૮ વર્ષ ઉપર હોય તેવા કોઇપણ સંજોગો રેકર્ડ પર આવેલ નથી. તેમજ શંકા પ્રેરિત કરે તેવી અન્ય કોઇ મહત્વની હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે સાહેદ નં.૧ આંક–૧૩થી ભોગબનનારની માતા, સાહેદ નં.૨ આંક–૨૧થી ભોગબનનારનો પુરાવો તથા આંક–૨૩વાળુ ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તા.૧૩.૧૧.૨૦૦૭ હોવાની ફલિત થાય છે. જયારે બનાવ તા.૨૮.૧૦.૨૦૨૪ ના રોજ બનેલ છે. જેથી બનાવના દિવસે ભોગબનનારની ઉમરની ગણતરી કરતા બનાવના દિવસે ભોગબનનારની ઉમર ૧૬ વર્ષ ૧૧ માસ અને ૧૫ દિવસ થાય છે. જયારે પોકસો એકટમાં કરેલ જોગવાઇ મુજબ ૧૮ વર્ષથી નીચેના બાળકને સગીર બાળક તરીકે દર્શાવેલ છે. જેથી ઉપરોકત તમામ સંજોગોમાં ભોગબનનાર સગીર એટલે કે ભોગબનનાર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા ઓછી ઉમરના હતા અને સગીર વયના હતા તેવી હકીકત નિઃશંકપણે સાબિત કરેલ છે જેથી **મુદ્દા નં.૧** નો જવાબ ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર **હકારમાં** આપું છું.

**મુદ્દા નં.૨ઃ–**

૧૭. આ અંગે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૧ આંક–૧૩થી ફરીયાદી/ભોગબનનારની માતાનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમજ તેણીના પુરાવામાં આંક–૨૪થી ફરીયાદ રજુ થયેલ છે. પરંતુ સદર સાહેદના એ બનાવના પ્રત્યક્ષ સાહેદ ન હોય જેથી તેઓના પુરાવાની ચર્ચા આ કામે ભોગબનનારના પુરાવા સાથે કરવી ઉચિત જણાઇ આવે છે.

વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨ આંક–૨૧થી ભોગબનનારને તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવામાં આંક–૨૨થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તથા આંક–૨૩થી તેણીના જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. સદર સાહેદે તેણીના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય સદર સાહેદને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાઇ આવેલ નથી. બચાવપક્ષે સદર ભોગબનનારની ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૨૮.૧૦.૨૦૨૪ ના રોજ તેણી પોતાની મરજીથી તેણીના ઘરેથી ચાલી ગયેલી, મહારાષ્ટ્ર મુકામે તેણીના ગામમાં તેણીને કોઇએ બળજબરી ગોંધી રાખેલ નહીં કે, ત્યાં તેણી સાથે બળજબરીથી શારિરીક સબંધ બંધાયેલા હતા નહીં, તેણી સુરત આવી ગયેલ બાદ તેણીને મીસીંગની ફરીયાદના કામે પોલીસ સ્ટેશન લઇ ગયેલા, ત્યાં પોલીસે બેઝીક સવાલો પુછી તૈયાર પાના ઉપર સહી લીધેલી, પોલીસે તૈયાર પાનામાં શું લખેલુ તેની તેણીને ખબર નથી, તેણીએ તેણીની મમ્મી–પપ્પા કે અન્ય કોઇ વ્યકિતને એવુ જણાવેલ નથી કે, તેણીની સાથે કોઇએ બળજબરીથી શારિરીક સબંધ બાંધ્યા છે, સુરત મુકામે પણ તેણીની સાથે કોઇએ બળજબરીથી શારિરીક સબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી, હોસ્પીટલ લઇ ગયા ત્યારે ડોકટરે તેણીની પુછપરછ કરી, મેડીકલ તપાસ કરી એક તૈયાર

પાના ઉપર સહી કરાવેલી તેમાં શું લખેલુ હતુ તેની તેણીને ખબર નથી, કોર્ટ રૂબરૂ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ વાળા નિવેદનમાં જણાવેલ હકીકત તેણીએ પોલીસના કહેવા મુજબ લખાવેલ. આમ, ઉપરોકત ભોગબનનાર જે બનાવના મુખ્ય સાહેદ છે તેઓનો પુરાવો ધ્યાને લેતા આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર શારિરીક સબંધ બાંધી દુષ્કર્મ આચરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ નથી. ઉપરોકત સાહેદ કે જેઓ ફરીયાદપક્ષના મહત્વના સાહેદ કહી શકાય તેઓના પુરાવામાં ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસ અને વિસંગત હકીકત જણાઇ આવતી હોય જેથી તેઓના પુરાવા પરથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ મહત્વની કડી પ્રકાશિત થતી નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૩ આંક–૨૪થી ભોગબનનારના પિતા નાઓએ તપાસેલા છે. સદર સાહેદે તેઓના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ની જોગવાઇ મુજબ કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી લખતા વાંચતા આવડતુ નથી, તેમની ભોગબનનાર દિકરી સાથે આવો કોઇ બનાવ બનેલો નથી. આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓના પુરાવા ઉપરથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ મહત્વની કડી પ્રકાશિત થતી નથી.

આમ, ભોગબનનારના પિતા, ભોગબનનારનો પુરાવો ધ્યાને લેતા આરોપીએ ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી તેણી સાથે કોઇ દુષ્કર્મ આચરેલ હોય તેવી હકીકત શંકારહિત ફલિત થતી નથી. વધુમાં, આ કામે ભોગબનનારની માતાનો પુરાવો ધ્યાને લેતા આ કામે જયારે ભોગબનનાર પોતે તેણીની સાથે કોઇ બનાવ બનેલ ન હોવાનું

જણાવતા હોય તેમજ ભોગબનનારના પિતાના પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ મહત્વની કડી પ્રકાશિત થતી ન હોય ત્યારે ભોગ બનનારની માતા સાહેદ નં.૧, આંક–૧૩ ના પુરાવામાં પેરા–૫ માં રેકર્ડ ઉપર આવેલ હકીકતો તથા તેણીની ઉલટતપાસ દરમ્યાન પેરા–૧૩ માં રેકર્ડ ઉપર આવેલ હકીકતો તે એકબીજાથી ભિન્ન છે તથા તેણીએ ફરિયાદ આપી ત્યારે આરોપી કે જેઓ તેઓના સગા હોવા છતાં તેઓ પર શંકા ન હોય, જેથી તેઓનો પુરાવો શંકારહિત કહી શકાય નહીં. વળી, તેણી બનાવના પ્રત્યક્ષ સાહેદ નથી, જેથી તેના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ વિરોધાભાસ તથા ઉલટતપાસના પેરા–૧૫ માં રેકર્ડ ઉપર આવેલ હકીકત ધ્યાને લેતાં તેણી જયારે એવું સ્વીકારતી હોય ત્યારે તેની ફરિયાદ તેમજ નિવેદનમાં પોલીસે શું લખેલ તે અંગે તેણીને કોઇ જાતમાહિતી ન હોય, તેમજ બનાવ અંગે પણ તેણીને કોઇ જાતમાહિતી ન હોય તેમજ જયારે ભોગ બનનાર તથા તેના પિતા બનાવની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય, ત્યારે માત્ર ભોગ બનનારની માતાના આવા વિરોધાભાસી પુરાવા પર આધાર રાખી શકાય નહીં. તેથી પણ તેણીનો પુરાવો આરોપી વિરૂધ્ધ મહત્વનો અને શંકારહિત કહી શકાય નહીં.

વળી, ફરીયાદપક્ષે તપાસેલ ડો.શ્રી સાહેદ નં.૩ આંક–૨૫થી ડો. હિમાંશી અગ્રવાલ નાઓને તપાસેલ છે. તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસ કરેલ છે તેમજ તેણીના શરીર પરથી જરૂરી નમુનાઓ મેળવેલ છે. સદર સાહેદના પુરાવામાં આંક–૨૬થી પોલીસ યાદી તથા આંક–૨૭થી ભોગબનનારનું મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ રજુ થયેલ છે. સદર ડોકટર સાહેદે તેઓના પુરાવામાં ભોગબનનારની મેડીકલ તપાસ માટે ભોગબનનારની તથા તેના પિતાની સમંતિ મેળવેલ છે. ભોગબનનારે આ સાહેદ સમક્ષ હિસ્ટ્રી જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે ભોગબનનારને સાયકાટ્રીક વિભાગમાં રીફર કરેલ છે. તેઓના અભિપ્રાય મુજબ ભોગબનનાર સાથે તાજેતરમાં કોઇ બળપુર્વક વજાઇનલ ઇન્ટરકોર્ટ કરેલાના પુરાવા મળી આવેલ ન હતા. પરંતુ ભુતકાળમાં જે કાંઇ બન્યુ હોય તો તે શકયતા નકારી શકાય નહીં. જયારે

સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારને જયારે તેમની પાસે લાવેલ ત્યારે સ્વસ્થ અવસ્થામાં આવેલ, ભોગબનનારના ગુપ્ત ભાગે કે બાહ્ય ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા, હાઈમેન તુટવાના ઘણા બધા કારણો હોઈ શકે છે, ભોગબનનારને જયારે તેઓની પાસે લાવેલ ત્યારે તેના ઓળખ અંગેના પુરાવા તેઓએ જોયેલા નહીં, ભોગબનનારને તેઓની પાસે લાવવામાં આવેલ ત્યારે કોઈ શારિરીક ઈજાઓ ન હતી, ભોગબનનારે તેમની રૂબરૂમાં લખાવેલ હિસ્ટ્રી મુજબ તેણીની સાથે કોઈ શારિરીક સબંધ સ્થાપિત થયેલ હોય તેવુ જણાવેલ નથી, ભોગબનનારના ઉમરને લગતી તેણીએ કોઈ અલગથી તપાસ કરેલ નથી. આમ, આ તબીબ સાહેદના પુરાવા દરમ્યાન પણ આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ કડી પ્રકાશિત થતી નથી.

વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૫ આંક–૨૮થી ડો. સની નારણભાઈ ધારીયા નાઓને તપાસેલા છે. તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસ કરેલ છે. સદર સાહેદના પુરાવામાં આંક–૨૯થી પોલીસ યાદી તથા આંક–૩૦ થી ભોગબનનારના મેડીકલ કેસ પેપર્સ રજુ થયેલ છે. ત્યારબાદ સદર સાહેદે ભોગબનનારને વધુ તપાસ માટે ગાયનેક વિભાગમાં રીફર કરેલા. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે ભોગબનનારની ફકત પ્રાથમિક તપાસ કરેલી છે, તેમની તપાસ દરમ્યાન ભોગબનનારને ચકાસણી કરતા તેના બાહ્ય શરીર પર કોઈ ઈજાના નિશાન નહીં હતા, તેમણે ભોગબનનારની ઉમરને લગતી ખરાઈ કરાવેલ નથી. આ સિવાય અન્ય કોઈ હકીકત આ સાહેદના પુરાવામાં ફલિત થતી નથી.

વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૬ આંક–૩૧થી ડો. રૂચિ રોની હોવી નાઓને તપાસેલા છે. તેઓએ આરોપીની મેડીકલ તપાસ કરેલ છે. સદર સાહેદના પુરાવામાં આંક–૩૨થી પોલીસ યાદી, આંક–૩૩ અને આંક–૩૪થી આરોપીના મેડીકલ કેસ પેપર્સ રજુ થયેલ છે. સદર સાહેદે તેઓના પુરાવામાં આરોપી શારિરીક સબંધ બાંધવા માટે સક્ષમ

હતા તેવો અભિપ્રાય આપેલ છે. આ સિવાય અન્ય કોઇ હકીકત આ સાહેદના પુરાવામાં ફલિત થતી નથી.

વળી, ફરિયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૪, આંક–૨૫ થી ડૉ.હિમાંશી અગ્રવાલ તથા સાહેદ નં.૫, આંક–૨૮ થી તપાસેલ ડૉ. શની ધારીયાનો પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનારે તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં આરોપી સાથે કોઇ શારીરિક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. જેથી પણ ઉપરોકત સંજોગોમાં તબીબીશ્રીનો પુરાવો કે જે માત્ર સાંયોગિક પુરાવો છે તેના પુરાવાને આધારે ઉપરોકત સંજોગોમાં આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહીં.

વળી, સદર કામે બચાવપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું, ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું તથા આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાંને આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો કરી આપતા સદર પંચનામાં અનુક્રમે આંક–૫૩,૫૪ તથા આંક–૩૫ સુધી રજુ થયેલ છે. તેમજ ફરીયાદપક્ષે સદર કામે સાહેદ નં.૭ આંક–૩૬થી સાયન્ટીફીક ઓફિસર કલ્પેશભાઇ કાંતીલાલ મોઢ નાઓને તપાસેલા છે. તેઓના પુરાવામાં આંક–૩૭થી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ, આંક–૩૮થી ફોરવર્ડીંગ પત્ર સાથે બાયોલોજીકલ તથા સીરોલોજીકલ અહેવાલ રજુ થયેલ છે. તેમજ સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે કરેલ કપડાનું પરિક્ષણમાં કોઇ માનવ રૂધિર કે વિર્યની હાજરી મળી આવેલી નહીં, તેમની પાસે રજુ કરેલા કપડા સામાન્ય રીતે બજારમાં સહેલાઇથી મળી શકે. આમ, સદર સાહેદના પુરાવામાં આંક–૩૮થી રજુ થયેલ અહેવાલ ધ્યાને લેતા પણ અગાઉ જણાવ્યા પ્રમાણે આરોપીને ગુના કામે સાંકળતી કોઇ મહત્વની કડી મળી આવેલ નથી. જેથી સદર કામે ગુનાવાળી જગ્યાનું તથા આરોપી તથા ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેના પંચનામાં અને જયારે મેડીકલ પુરાવા કે સાયન્ટીફીક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ત્યારે તે મહત્વના કહી શકાય નહીં. તેમજ અગાઉ ઉપરમાં ચર્ચા કરી તે મુજબ જયારે આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ મહત્વના સાહેદો એવા ભોગબનનાર,

ભોગબનનારના પિતાના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય ત્યારે માત્ર રજુ થયેલ પંચનામાં ઉપર આધાર રાખી આરોપીને ગુના કામે સાંકળી શકાય નહીં.

વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૮ આંક–૩૯થી પી.એસ.ઓ. સુરેશભાઇ જયરામભાઇ પવાર નાઓને તપાસેલા છે. આ સાહેદના પુરાવામાં આંક–૪૦થી સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ રજુ થયેલ છે. સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ ૧૬ થી ૧૭ દિવસ મોડી આપેલી છે, ફરીયાદીએ ફરીયાદ અજાણ્યા ઇસમ વિરૂધ્ધ આપેલી છે, આંક–૧૪ વાળી ફરીયાદમાં ફરીયાદીના અંગુઠાનું નિશાન ઓળખાવેલ નથી. આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર કામે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પો.સ.ઇ. એન. સી. પટેલ નાઓને સુપરત કર્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી. વળી, ફરિયાદીએ ફરિયાદ મોડી આપવા માટે પોતાના પુરાવામાં પણ કોઇ ખુલાસો કરેલ નથી કે કોઇ વિશ્વસનીય હકીકત જણાવેલ નથી. જેથી પણ કેસના સંજોગો ધ્યાને લેતાં ભોગ બનનારની માતાનો પુરાવો વિશ્વસનીય કહી શકાય નહીં. તેવી જ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૯ આંક–૪૨થી તપાસેલ તપાસ કરનાર નિલેશકુમાર છોટુભાઇ પટેલનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર ગુનાના કામે તપાસ સંભાળી લઇ સદર ગુનાના કામે કરેલ કામગીરી અંગેનું વર્ણન તેમની સરતપાસમાં કરેલ છે. સદર સાહેદના પુરાવામાં આંક–૪૩થી આંક–૫૧ સુધીના દસ્તાવેજો રજુ થયેલ છે. સદર સાહેદે પણ હાલના ગુનાના કામે કરેલ કામગીરી અંગેનું વર્ણન પોતાની સરતપાસમાં કરેલ છે. સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં મહત્વની એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામની તપાસ તેમણે સંભાળી તે પહેલા ફરીયાદ તેમણે લીધેલ નથી, તપાસ સંભાળતા પહેલા તેમણે ફરીયાદનો અભ્યાસ કરેલો, ભોગબનનાર બિનગુજરાતી હતી અને તેમને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હતુ, ગુનાવાળી જગ્યા ઉપરથી કોઇ મુ.મા. મળી આવેલ નથી, તેમણે તપાસના કામે હૈદરાબાદ (તેલંગાણા) જઇ તપાસ કરેલ

અને ત્યાં પંચનામાં કરેલ નથી કે, ત્યાંના કોઇ સાહેદોના નિવેદનો લીધા હોય તેવુ બનેલ નથી, ફરીયાદએ ફરીયાદ અજાણ્યા ઇસમ વિરૂધ્ધ આપેલી. આ સિવાય અન્ય કોઇ હકીકત આ સાહેદના પુરાવા પરથી જણાઇ આવતી નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ આંક–૪૭થી પોલીસ સાહેદ મુકેશભાઇ કિકલાભાઇ નાઓને તપાસેલા છે. તેઓએ સદર ગુનાના ભોગબનનારનું મોબાઇલ લોકેશન તેલંગાણા ખાતે આવતુ હોય જેથી તેઓ તથા તેમની સાથે પો.કો. ક્રિપાલસિંહ, પો.કો. રંજીતસિંહ, નાઓ તેલંગાણાના ગગનપહાડ વિલેજ ખાતે ગયેલા અને લોકેશનના આધારે તપાસકરતા ભોગબનનાર તથા આરોપી અર્જુન મળી આવતા તેઓને પુછપરછ માટે ડીંડોલી પો.સ્ટે. લાવી સોંપી દીધેલ અને બનાવ સબંધે એન.સી. પટેલ નાઓએ તેઓનું નિવેદન લીધેલ હોવાનું જણાવે છે. તેમજ આરોપીને નામ. કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. બચાવપક્ષે કરવામાં આવેલ સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, રાજય બહાર કેવી રીતે ગયેલા તે અંગેનો ઉલ્લેખ તેમના નિવેદનમાં કરેલ નથી, રાજય બહાર તેઓ તપાસમાં ગયેલ તે અંગેની સ્ટેશન ડાયરીની નોંધ આ કામે તેઓએ રજુ કરેલ નથી, તેલંગાણા ખાતે તેઓએ ત્યાંની સ્થાનિક પોલીસની મદદ લીધેલ નથી, તેઓ તપાસમાં ગયેલા ત્યાં કોઇપણ જાતના પંચનામાંઓ કરેલ નથી, તેલંગાણા ખાતે તેઓએ કોઇ સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ સિવાય અન્ય કોઇ હકીકત આ સાહેદના પુરાવા પરથી જણાઇ આવતી નથી.

વધુમાં ઉપરોકત તમામ સાહેદો પોલીસ સાહેદો હોય સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષના કેસના રસ ધરાવતા સાહેદો કહેવાય. પોલીસ સાહેદોનો પુરાવો માની ન શકાય તેવો કોઇ પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ સદર સાહેદોના પુરાવાને જયારે આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ મહત્વના સાહેદો એવા ભોગબનનાર, ભોગબનનારના પિતાના પુરાવાથી સમર્થન મળતુ ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહીં.

આમ, ફરીયાદપક્ષે રજુ ઉપરોકત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક અભ્યાસ કરી ચીવટપુર્વક મુલ્યાંકન કરતા આ કામના આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી, ભોગબનનારની સાથે એકથી વધુ વખત શારિરીક સબંધ બાંધી, દુષ્કર્મ આચરેલ હોય તેવો કોઈ સાહેદોએ સ્પષ્ટ પુરાવો આપેલ નથી કે તેઓએ આપેલ પુરાવા પરથી આવી હકીકત સ્પષ્ટપણે ફલિત થતી નથી. વળી, ભોગબનનાર તેણીની સાથે કોઈ દુષ્કર્મ થયેલ હોય તેવો પુરાવો આપતા નથી. વળી, કાયદાનો એ સુવિદિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેવી પ્રબળ હોય તે પુરાવાનું સ્થાન લઈ શકે નહીં.

૧૮. વધુમાં અત્રે એ નોંધવુ જરૂરી છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટે તેમની સમક્ષના મધુબેન ડો.ઓ. પ્રતાપજી વાલજી ઠાકોર વિ. ઠાકોર પ્રકાશજી કપુરજી અને બીજા ક્રિ.અ.નં. ૧૮૪૦/૨૦૧૯, તા.૦૭.૦૨.૨૦૨૨ ના કામે પેરા નં. ૧૦.૭ માં ઠરાવેલ છે કે, ભોગબનનારે બનાવ બનેલ ન હોવા અંગેના પુરાવા આપેલ હોય તેવા કિસ્સામાં મેડીકલ ઓફિસર તથા પોલીસ અધિકારીનો પુરાવો માત્ર સમર્થન કરતો પુરાવો હોય અને તેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. જયારે સદર કેસમાં ભોગબનનાર પોતાના પુરાવામાં ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી હકીકતોનો સ્વીકાર કરેલ છે જેથી તેણી ફરીયાદપક્ષના કેસને તદ્દન સમર્થન કરતા નથી. જયારે ડો.શ્રીના પુરાવાથી પણ કોઈ સ્પષ્ટ સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી. જેથી આ હકીકત ધ્યાને રાખતા આ કેસમાં પણ મેડીકલ ઓફિસર અને પોલીસ ઓફિસરના પુરાવાનું ખાસ મહત્વ રહેતુ નથી તેમ આ અદાલત માને છે.

વધુમાં સદર કામે ભોગબનનાર જયારે બનાવની હકીકતોને સમર્થન કરતા ન હોય અને પોતે સ્વેચ્છાએ ઘરેથી જતા રહેલ હોવાનું જણાવતા હોય, ત્યારે નામ. સુપ્રિમ કોર્ટના મફતલાલ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન, ક્રિ. અપીલ નં. ૫૯૨/૨૦૨૨ ના ચુકાદાના

પેરા નં.૭ ધ્યાને લેતા, સદર કેસમાં પણ જ્યારે ભોગબનનાર સાથે આરોપીએ કોઈ બદકામ કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવે છે. આમ આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૪ (૨)(એમ), ૬૪(૨)(એફ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોના રક્ષણ અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૩(એ), ૪, ૫(એલ), ૫(એન), ૬,૧૨ મુજબના ગુના પુરવાર થયેલ હોવાનું માની શકાય નહીં. આથી સમગ્ર પુરાવાનાં મુલ્યાંકન પરથી ફરીયાદપક્ષે મુદ્દા નં.૨ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલતનું માનવુ છે.

વધુમાં ભોગબનનારના પુરાવા પરથી ભોગબનનાર સાથે ઉગ્ર જાતિય હુમલો કે જાતિય સતામણી થયેલ હોવા અંગે પુરાવો આપેલ નથી ત્યારે આ કામે ભોગબનનારને વળતર ચુકવવા અંગેનો કોઇ હુકમ કરવાપાત્ર રહેતો નથી. આથી મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – આખરી હુકમ –

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૫૮(૧) અન્વયે કામના તહોમતદાર **અર્જુન સંતોષ સુખલાલ આહિરે** નાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪, ૬૪ (૨)(એમ), ૬૪(૨)(એફ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોના રક્ષણ અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(એન), ૬,૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી સબળ પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામમાં કબજે કરવામાં આવેલ કિમતી બિન મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૪૮૧ની જોગવાઇ મુજબ અપીલના કામે હાજર રહેવા સબબ આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન

તથા તેટલી જ રકમનો જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે જામીન ૦૬(છ) માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ હુકમની એક નકલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૪૦૬ ની જોગવાઈ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલવી.

આજ **તારીખઃ ૧૦મી માહે એપ્રિલ** સને **૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬ **(હિતેષકુમાર મુકુંદરાય વ્યાસ)**
સુરત. ૬ઠ્ઠા એડી.સેશન્સ જજ તથા જજશ્રી સ્પે.કોર્ટ (પોકસો) સુરત.
જજ કોડ– જી.જે.૦૦૮૩૪